કન્યાને પત્રો.

પત્ર ૧ લો—

કુદરતની કન્યાને.

[જે કન્યા સંસારમાં પડી નથી, જે દુનીઆદારીના કારાપેરાથી અજાણ છે, જે કન્યા રમતી, હસતી, કુદતી ફરે છે પણ જેની ઉમર એવી થયલી છે કે થોડાજ વખતમાં તે સંસારમાં પડશે અને તેના વમળમાં તણાશે, તેની સરળતા જતી રહેશે અને કારાપેરા આવશે, જેની પતંગીઆં જેવી જીંદગી મટશે અને ભારવાહક જીંદગી શરૂ થશે. તેવી કન્યાને આ પત્ર લખાયો છે. અત્યાર સુધી તે કન્યા કુદરતની કન્યા છે. ઇશ્વરે જેવી સરજાવી છે અને કુદરતે જેવી ઉછેરી છે તેવી છે. હવે પછી મનુષ્યના કૃત્રિમ સંસારના બંધનમાં પડી તે કૃત્રિમ થવાની છે. તેવી કન્યાને સંબોધીને—આ પત્ર લખાયો છે.]

જ્યારે તમે ઘણાં નાનાં હતાં અને કોઈની મદદ વગર ચાલી શકતાં નહીં ત્યારે બધાં તમને હાથ પકડીને ચાલતાં શીખવતા, અને હાથ પકડેલો હોય તે છતાં પણ બીકથી તમે એક એક પગ એટલો તપાસીને મુકતાં, અને એટલાં જોરથી મુકતાં કે તે જોઇને અમને હસવું આવતું. હવે તમારામાં ધીમે ધીમે હીમ્મત આવવા માંડી હતી એટલે તમે કોઇની મદદ વગર ચાલવાનો પ્રયત્ન કરતાં હતાં અને થોડા વખત ઉપર જ્યારે પહેલું ડગલું તમારી મેળે તમે ભર્યું ત્યારે અમને એટલો આનંદ થયો અને એટલી નવાઈ લાગી કે જેની અસર કદી પણ ભુંસી શકાશે નહીં. તમે તમારી મેળે પહેલું ડગલું ભર્યું તે દિવસ પણ અમે કદી ભુલી શકીશું નહીં. તે વખતે તમને ઘણાય વિચારો આવતા, પણ જો તેમાંના કોઇ વિચાર પ્રમાણે ખરેખરૂં બનતું તો તમને ઘણી

નવાઈ લાગતી. એક વખત એવો હતો કે તે વખતે તમે નરમ ગાદી અથવા માતાના ખોળા શિવાય સુઇ શકતાં નહીં, તમને ચાલતાં જોઇને અમને કેટલી અજાયબી લાગે તે તમે સહજ કલ્પી શકશો. તે વખતે અમને તમારા મીઠા નાનકડા અને નાજુક આકાર પર ઘણુંજ હેત આવતું. આંખ આગળની એક ઝાંખી છાયા મનુષ્યની આકૃતિ ધારણ કરે તેની જેવી નવાઇ લાગે તેમ માતાના હાથમાંજ રહેનારાં, પોતાની મેળે કંઈ પણ કરવાની શકિત વગરનાં તમે ચાલતાં શીખ્યાં તેની અમને નવાઇ લાગતી. તમારી મીઠી બોલી, અને નિર્દોષ આનંદજનક રમતોને લીધે અમારો વખત ઘણા આનંદથી પસાર થઈ જતો. તમે અમારાં નાનાં સરખાં સ્વર્ગ જેવાં લાગતાં, તમે હસતાં અને કાલું કાલું બોલતાં તેમાંજ અમારૂં સ્વર્ગ સમાયું હતું; અમારો બધો વખત તમને રમાડવામાં જમાડવામાં અને તમારી નાની નિર્દોષ હોંસ પુરી પાડવામાં પસાર થતો, એ વખતથી તમારાં જીવનનાં પ્રભાતનો ઉષ:કાળ થતો હતો, તમારાં ભવિષ્યના દરવાજા તમારે માટે ખુલ્લા ઝુલવા માંડ્યા હતા, અને તેની અંદરથી પસાર થાઓ તે વખતે રખેને તમારો પગ સરી જાય તેની બીકથી તમે ધ્રુજતાં હતાં.

જ્યારે તમે કોઈ વસ્તુ લેવાનો વિચાર કર્યો હોય તે વસ્તુની પાસે તમે પહોંચતાં અને તે લેવામાં ફતેહ પામતાં ત્યારે જાણે કેવીક ફતેહ મેળવી હોય તેમ સન્તોષથી તમે હસતાં. તે વખતે તમને આ દુનિઆની દરેક ચીજ નવી લાગતી, કેમકે આ પૃથ્વી પર તમે નવાંજ આવેલાં હતાં. તમે અહીં આવ્યાં તે પહેલાં પ્રભુની પાસે હતાં, અને તેથી જ્યાં સુધી તમને દુનિઆની ખટપટોનું જ્ઞાન ન હતું ત્યાં સુધી તમે સ્વર્ગનું બાળક કહેવાતાં, તમે જ્યાં સુધી નિર્દોષ અને નિષ્પાપ હતાં ત્યાં સુધી ઇશ્વરનો અંશ તમારામાં હતો, અથવા કહો કે ઇશ્વર અથવા કુદરત તમારી સમીપમાંજ રહેતી. પણ અમે, ટુંકી દૃષ્ટિવાળાં મનુષ્યો તે વખતે તમને, બાળકોને અણસમજુ અથવા અજ્ઞાન કહેતાં; જ્યારે તમારામાં દુનિઆ વિષેનું જ્ઞાન આવ્યું ત્યારે ઇશ્વર તમારાથી દુર ગયો અને તે વખતે અમે તમને સમજુ કહેવા લાગ્યાં; જ્યાં સુધી તમે બાળક હતાં ત્યાં સુધી

તમારા પર કુદરતનો પવિત્ર છાયો હતો, હજુ તમે બાલક હતાં તેથી તમારી આંખમાં અને તમારી દરેક રીતભાતમાં સ્વર્ગનો પ્રકાશ પડતો હતો; પણ હવે તમે ધીમે ધીમે મોટાં થાઓ છો અને બાલ્યાવસ્થાના મોંઘા અને આનંદદાયક કલાકો ટુંકા અને ટુંકા થતા જાય છે, તમારી દુનિઆની મુસાફરીનું દરેક પગલું તમને સ્વર્ગથી દુર અને દુર લઈ જાય છે; આ વિચારવા જેવી બાબત છે.

એમ થવું જોઈએ નહીં, એમ થઈ શકેજ નહીં, કેમકે તમે ગમે તેટલાં મોટાં થયાં છે પણ હજુ તમારી બાલ્યાવસ્થા તમને છોડી ગઈ નથી. હજુ તમારામાં બાલીશતા છે, અને જ્યાં સુધી તમે બાલક છો ત્યાં સુધી સ્વર્ગનો અંશ તમારામાં છેજ; નિર્દોષતાની પાસેજ ઇશ્વર હમ્મેશાં વસે છે. અને હજુ તમે બાગમાંના પુષ્પ જેવાં નિર્દોષ છો તેથી સ્વર્ગ હજુ તમારાથી ઘણું દુર ગયું નથી, બાગમાં ફુલ જેમ કુદરતી રીતે ઉગે છે તેમ તમે પણ ધીમે ધીમે મોટાં થશો, અને એક દિવસ એવો પણ આવશે કે બાલ્યાવસ્થાના સુખી દિવસોને તમે ઘણાં હેતથી અને આનંદથી યાદ કરશો; કારણ કે તે સુખી દિવસોમાં તમે સુખ શિવાય કંઈ જાણ્યું નથી અને સૌન્દર્ય શિવાય કંઇ જોયું નથી, તેથીજ તમે એ સુખી દિવસોને કદી પણ ભુલશો નહીં.

બાલ્યાવસ્થા એ જીંદગીનો એવો અનુપમ વખત છે કે એના જેવો આનંદદાયક અને સુખી વખત જીંદગીના કોઈ પણ ભાગમાં આવતો નથી, તે વખતે બાલકોને આકર્ષક અને સુન્દર વસ્તુઓ ઘણીજ ગમે છે. તમે પણ તે વખતે બાલ સ્વભાવ પ્રમાણે સુન્દર વસ્તુઓ લેતાં અને તેને વિષે અનેક સવાલ પુછીને તેની માહિતી મેળવતાં; આ પ્રમાણે સુન્દર વસ્તુઓ અને સુન્દર દેખાવોમાંથી તમને દુનિઆનાં અસ્તિત્વનું જ્ઞાન થયું. જોકે ધીમે ધીમે તમારામાં જ્ઞાનનો વધારો થતો જાય છે તો પણ તમારી વયને યોગ્ય થઈ પડે તેવી સરલતા અને માધુર્ય તમારામાં હજુ પણ છે તેથી તમે જ્ઞાન મેળવ્યું છે તો પણ હજુ કુદરત તમારી એટલી પાસે રહેલી છે કે જાણે તે તમારી મોટી બ્હેન હોય એમ લાગે છે; હજુ પણ તમે

દુનિઆંની ખટપટથી અને ગંભીર બાબતોથી દુર છો, તેથીજ કુદરત તમારી પાસે રહી છે, અને તેથીજ તમે દરેકને પ્રિય લાગો છો.

બાલકની અમુક વય થાય ત્યાં સુધી તેને કોઈ પણ બાબત ફરજીઆત કરવાની નથી હોતી. તે અમુક વય સુધી તદ્દન સ્વતંત્ર હોય છે અને જ્યાં સુધી તે સ્વતંત્ર હોય છે ત્યાં સુધી તેમનામાં માધુર્ય હોય છે, પણ જ્યારે તેને ફરજનું ભાન થવા માંડે છે ત્યારે તેનાં નિરંકુશ અને નિર્દોષ મન પર એક પ્રકારનું વજન પડે છે. તે વખતે પણ તેમનામાં માધુર્ય તો હોય છેજ પણ તે જુદા પ્રકારનું; તમે હવે થોડી સમજવાળાં થયાં, પણ હજુ તમારે ફરજીઆત કંઈજ નથી તેથી તમે ફુલ, મધમાખી અને પતંગીઆં જેવાં રમતિઆળ અને સ્વતંત્ર છો, પણ જ્યારે નિશાળનો ઘંટ વાગે અને ચોપડીઓ તમને રમતમાંથી પોતાની પાસે બોલાવે ત્યારે તમે તમારૂં માધુર્ય વહી જવા દેશો નહીં, નિશાળમાં જવા જેવી તમારી ઉમ્મર થઈ તોપણ હજુએ તમે કુદરતનું બાળક છો, તે મહાન પિતાના રાજ્યમાં તમારી મુસાફરીની હજુ આ શરૂઆતજ છે, એ વયમાં સ્વાભાવિક રીતે સાદી, સુંદર અને અજાયબી ઉત્પન્ન કરે એવી ચીજો પર તમારો પ્રેમ હતો; તમે હવે મોટાં થયાં છો અને તમારી પસંદગીની દિશા બદલાઇ છે, તો પણ નિશાળ, ચોપડીઓ, અથવા મિત્રો અથવા બીજા દેશો, અથવા બીજા આનંદો તમારો તે સાદી ચીજો પરનો પ્રેમ ઘટાડી શકશે નહીં. મારી નાની સખી, આ દુનિઆની તમારી બધી મુસાફરીમાં તમે કદી પણ ભૂલશો નહીં કે આ રાજ્ય, આ સૃષ્ટિરૂપી રાજ્ય કે જેમાં તમે મુસાફરી કરો છો તે તમારે માટેજ બનાવવામાં આવ્યું છે. એ રાજ્યના બાગો કે જેના રસ્તા પર થઇને તમારે ચાલવાનું છે તે રસ્તા તમારે માટેજ નિર્માણ કરેલા છે; ખેતરો અને જંગલો એટલા માટે બનાવ્યાં છે કે તેમાંથી તમારે ઉપયોગી વસ્તુઓ ઉત્પન્ન થાય અને તમારાં મનને વિશ્રાંતી અને આનન્દ મળે. દુનિઆમાં ટેકા ટળીઆવાળી જગાઓ ઘણી છે પણ તમે તે પણ ઘણા આનન્દથી પસાર કરશો; ટેકરીઓ અને સુંવાળાં લીલાં ઘાસવાળાં બીડો પણ તમારા આનન્દ માટેજ છે; તેમજ રૂપેરી ઝરાઓ, ખળખળ વહેતાં નાળાંઓ, અને જંગ-

લની ઘીચ ઝાડીમાં થઇને આવતો સૂર્યનો પ્રકાશ તમારાજ સુખ માટે છે. ધાંધાટવાળા અને ઉદ્યોગી લોકોથી ભરેલા રસ્તાઓ જોઈને તમને કંઈ ખાસ અસર થશે નહીં; અથવા તેથી તમને બીવાનું રહેશે નહીં, પણ ઘણું વાંક વળામણવાળી ગલીઓ તમને ગમશે; વડનાં ઝાડ પોતાના મોટા ઓળાથી રસ્તાને અંધકારમય બનાવી દે તે અને સસલાંઓ ડોકીઆં કરીને વાડમાંથી જોય અને તમારી આગળથી તીરની માફક છટકીને પસાર થઇ જાય તે જોવાનું તમને વધારે ગમશે, તમને શાંત જગાઓ પર પણ પ્રીતિ થશે. નદીનો નાનો કીનારો કે જ્યાં સુન્દર કાંટા સળીઆનાં ફુલો ઉગેલાં હોય છે, ઘીચ ઝાડીની અંદર બેસીને લક્કડખોદ પોતાની ચાંચથી મધ્યાન્ વખતે ટન્ ટન્ કરીને ટકોરા મારે છે, ખીસકોલીઓ આમથી તેમ દોડાદોડ કરીને સંતાકુકડી રમે છે, પતંગીઆં અને મધમાખીઓ આમથી તેમ ઉડે છે, એ બધું જોવાનું તમને ઘણું ગમશે અને ત્યાં તમારા મિત્રો સાથે રમવું પણ ઘણું ગમશે; ભવ્ય વડનાં ઝાડો અને દમામદાર આસોપાલવનાં ઝાડ તમને કુદરતનાં મહાનપણાં વિષે ખ્યાલ આપશે; આ મહાન સ્મારકો, કે જે કુદરતની ભવ્ય ચિત્રશાળા જેવાં છે, તે તમને ઘણાં ગમશે, આ કુદરતનું રાજ્ય તમારેજ માટે બનાવેલું છે તે તમે ભૂલતાં નહીં. આટલી નાની વયમાં તમે કુદરતનો જે આનંદ ભોગવ્યો છે તેને માટે પરમેશ્વરને ધન્યવાદ આપશો.

તમે તમારાં મંડળમાં આનન્દી થશો તો દરેક જણ તમને ચાહશે અને તેથી તમને દુનિઆનો કંટાળો આવશે નહીં અને દુનિઆથી અલગ થવાનું તમારે શોધવું પડશે નહીં. તમે સંતોષી થજો, સંતોષ રાખવામાં સર્વ સુખ સમાયલું છે. ઈશ્વરે જે બક્ષીસ તમને કરી છે તેમાંજ સંતોષ માનજો, તમારી પાસે જે ચીજો છે તેનાં કરતાં વધારેઓછી માગવા માટે તમે કોઇના કાલાવાલા કરતાં નહીં; આકાશના તારા અને બીજી કુદરતની બક્ષીસો તમારે માટે છે, તેનો સ્નેહ તમે સોના માટે વેચશો નહી; કેમકે તે તમને તમારાં કુદરતીપણા માટે ચાહે છે, પણ જો તમારો પ્રેમ સોનું અથવા એવીજ કોઇ બીજી સામાન્ય સ્થૂલ ચીજો પર થશે તો તમે કુદરતથી દુર થશો. તેનો તમારા પર અગાધ પ્રેમ છે તે ધીમે ધીમે

ઘટતો જશે, અને તમે સ્વર્ગથી ઘણાં દુર થતાં જશો; તમે જેમ જેમ મોટાં થશો તેમ તેમ પૈસાની અને વસ્તુની કીંમત કરતાં શીખશો; જીંદગીની કીંમતથી જરા પણ ઓછી નહીં એવી કેટલી કીંમતી વસ્તુઓ આપીને ઘણાં સ્ત્રીપુરૂષોએ શ્રીમંતપણું અને વસ્ત્રો ખરીદ કર્યાં છે. જો કોઇ લાખો રૂપીઆ આપીને તમારા મનની સ્વસ્થતા, હૃદયની શુદ્ધતા અને માધુર્ય, શરીરની તન્દુરસ્તી અને રાતની મીઠી ઉંઘ તમારી પાસેથી ખરીદવા માંગે તો દસ લાખ રૂપિઆ લઇને પણ આ વસ્તુઓ વેચવા માટે તમે બીલકુલ રાજી થશો નહીં, અને એ માગણી કરનારની તમે મશ્કરી અને તિરસ્કાર કરશો. એમ છતાં પણ આ વસ્તુઓ પૈસાને માટે વારંવાર અપાયલી છે, પૈસાને માટે ઘણાં ખુન થયાં છે, અને ઘણાં કાવતરાં અને પ્રપંચો થયા છે અને થાય છે તે મનની અને શરીરની સ્વસ્થતા અને પવિત્રતાને ભોગેજ. આ બધું જેમ અનુભવ થશે તેમ તમે જાણુશો.

તમે પૈસાના ઉપયોગની શક્તિ સારી રીતે જાણુશો, કીંમત કરશો, અને તેનો સદુપયોગ કરશો. તમારી પાસે એવી હજારો ચીજો હશે કે જે પૈસાથી ખરીદ કરી શકાશે નહીં. આ ‘ચીજ’ શબ્દનો તમે સાધારણ અર્થ કરશો નહીં, આ ચીજો તે હૃદયની શુદ્ધતા અને મનની શાંતિ અને બીજા ઉત્તમ ઉત્તમ સદ્‌ગુણો છે; અને સદ્‌ગુણો પૈસાથી કદી પણ ખરીદી શકાય નહીં; આ અમુલ્ય ચીજો તમે પૈસાને ખાતર જોખમમાં કદી પણ નાખશો નહીં; પથ્થરને સારૂ ચાંદીનો ટુકડો અથવા કાંસાને માટે સોનાનો કટકો તમારે ફેંકી દેવો નહીં; **ખોટી પતરાજી સારૂ તમે સાદાઇને છોડશો નહીં; ખોટી ખુશામત સારૂ સચ્ચાઈને વેચશો નહીં; અને કૃત્રિમતાને ખાતર તમે કુદરતને વેચશો નહીં.** નમ્રતા, મધુર સાદાઈ, અને વિશુદ્ધિ—કે જે જન્મથીજ તમારામાં હતી અને રહેશે તે જો તમે ગુમાવી દો તો દુનિઆમાં કોઇ ચીજ એવી નથી કે જે તમને તેનો બદલો વાળી આપે.

તમે શ્રીમંત થશો, કેમકે દુનિઆમાં ઘણી દોલત છે; અને પ્રયત્ન કરીએ તો તે આપણી પાસે કાયમ રહે એમ છે તો પછી ગરીબ રહેવાનું

આપણે ધિક્કારીએજ. આ દોલત તે ઉત્તમ સદ્દગુણો છે, અને એ ઉત્તમ ચીજોથી તમે શ્રીમંત થશો; જો કોઇ વસ્તુ ગમે તેટલી મોંઘી હોય પણ તે તમારાં જીવનને ઉપયોગી ન હોય અથવા તમારાં મનને મજબુત કરતી ન હોય તો, અથવા તમારા આત્માને પવિત્ર કરતી ન હોય તો તે ગમે તેવી કીમતી હોય તો પણ તમારે કશા ઉપયોગની નથી. દુનિઆમાં પૈસાદાર કહેવાતા લોકોને હું ઓળખું છું. દુનિઆમાં જે બધું જોવામાં આવે છે તે બધું તે માણસો પાસે હોઇ શકે, પણ પૈસાથી ખરીદી શકાતી નથી તેવી ઉત્તમ ચીજોની તેઓ ફોકટ ઇચ્છા રાખે છે, કેમકે **લક્ષ્મી અને સદ્દગુણો ઘણી વખત સાથે રહી શકતાં નથી**; દરરોજ ધીરજથી કામ કરનારા અને મજુરી કરનારા કે જેને દુનિઆ ગરીબ કહે છે તેવા માણસોને પણ હું ઓળખું છું. તેઓ લક્ષાધિપતિ થવા ખાતર પણ ઘણી વખતે આ સદ્દગુણો રૂપ દોલતને આપી દેતા નથી; **ફ્રેન્ચ પ્રજાની રાજ્યક્રાંતિના સમયમાં** એક ગરીબ સ્ત્રી હતી, લશ્કરી સિપાઇઓ ગામમાં દાખલ થયા અને તેમણે જે વસ્તુઓ જોઇ તેનો નાશ કરવા માંડ્યો અને કમનસીબોને હેરાન કરવા માંડ્યા. આ ગરીબ સ્ત્રી એ કમનસીબોમાંની એક હતી. તેનું ઝુંપડું અને તેની દરેક કીંમતી વસ્તુઓનો તે સિપાઇઓએ નાશ કર્યો, તેને તેમના ઉપરી પાસે ઉભી કરવામાં આવી અને તે તેમની આગળ તેમની મશ્કરીઓ અને તુચ્છકાર સાંભળતી ઉભી હતી; તેણે પોતાની શાંતિ એટલી મજબુતીથી સાચવી રાખી હતી કે તેઓ તેને ઉશ્કેરી શકયા નહીં; તેમનો દરેક શબ્દ અને ટીકા તેણે અજબ જેવી શાંતિથી સહન કર્યાં; જોકે તેમણે તેનું ઘર અને તેની વહાલી વસ્તુઓનો નાશ કર્યો પણ કોઇ એક એવી વસ્તુ તેની પાસે બાકી રહી હતી કે જેનો તેઓ નાશ કરી શકયા નહીં; આ વસ્તુ તે **ધૈર્ય** હતું. તેણે સિપાઇઓનો એટલો તિરસ્કાર કર્યો કે જેથી તેમનું અંતઃકરણ સ્હેજ પણ ડંખ્યા વગર રહ્યું નહીં હોય. તેણે પોતાના દુશ્મનોને કહ્યું કે "તારાઓ મારે માટે રહેવા દેશો ? દુનિઆમાં એવી પણ ચીજો છે કે જેને રાજ્યક્રાંતિ પણ લઇ શકશે નહીં." આવી સ્ત્રીઓ અને પુરૂષો કે જેમને પોતાના સદ્દગુણો પર અચલ પ્રેમ હોય તેઓ પૈસે ટકે ગરીબ હોવા છતાં પૈસાદારમાંજ ગણાય છે.

જે અમુલ્ય ચીજની તે સ્ત્રીએ વાત કરી હતી તે સદ્ગુણો છે, અને એ ચીજો તમારી પાસે હશે તો તમે શ્રીમંત થશો. એ જેની પાસે ન હોય, તે પુરૂષ અથવા સ્ત્રી, તેની પાસે ગમે તેટલી દોલત હોય તો પણ ગરીબજ કહેવાશે. તમે તમારી જાતને ઠગશો નહીં, અથવા બનાવટી દેખાવથી તમે ખોટે રસ્તે દોરવાશો નહી. બધી ચીજો કરતાં તમને વધારે પ્રિય છે તે–જીવનનો આનન્દ–દુકાનની બારીઓમાં જે વસ્તુ આપણે જોઈએ છીએ તેમાં લટકતો નથી; અથવા સુન્દર મોંઘા અને ભપકાદાર કપડાં પહેરવામાં નથી, અથવા ગાડીમાં, મોટરોમાં બેસીને હવા ખાવા જવામાં નથી; અથવા મીજબાનીઓ કરવામાં અને તેમાં જે આનંદ મળે છે તેમાં પણ નથી અથવા જે સુન્દર અને મોટાં મકાનમાં તમે રહો– છો, તેમાં નથી, પણ જીવનનો ખરેખરો આનન્દ નમ્રતા, સાદાઇ અને સહનશીલતામાંજ સમાયલો છે.

ઘરમાંથી જીંદગી ઉત્પન્ન થાય છે, એમ કહેવા કરતાં એ વધારે ખરૂં છે કે જીંદગીમાંથી ઘરો ઉત્પન્ન થાય છે. તમારી પાસે સુન્દર મકાનો હશે કેમકે તમને સુન્દર ચીજો પર પ્રેમ છે પણ તમારી પાસે જે સૌન્દર્ય છે તેને જો તમે ચાહો નહીં તો એ સુન્દર મકાન તમને મદદ કરશે નહીં. આપણેજ આપણી પરિસ્થિતિ ઘડીએ છીએ; આપણે આપણી જીંદગીને અનુકૂળ સત્તાઓ આપણી આસપાસ એકઠી કરીએ છીએ; તમારી જીંદગીમાં ઘણા ખરાબ અને દીલગીરી ભરેલા પ્રસંગો આવશે; એવા પ્રસંગમાંથી આ દુનિઆનાં આટલા બધા લોકમાંથી ભિન્ન ભિન્ન સ્વાર્થો છતાં કોઇકજ છટકી શકે તેમ છે. અને ગમે તેવી સાવચેતી છતાં પણ ખરાબ અસરો તમારી પાસે ચાલી આવે, તોપણ તે મહાન પિતા કે જે આ સૃષ્ટિનાં મહારાજ્યનો સમ્રાટ છે તેની પ્રિય પુત્રી તરીકેના, રાજકન્યા તરીકેના બખ્તરથી તમે તમારો બચાવ કરજો. જે સારૂં અને કુદરતી છે તેને તમે અનુકૂળ થશોજ કેમકે તમે સદ્ગુણી છો, અને તે મહાન પિતાનાં પ્રિય પુત્રી છો તેથી દરેક જણ તમને આદર્શરૂપ ગણશે. માટે તમારે તમારૂં વર્તન ઘણુંજ સંભાળ ભરેલું રાખવું કે જેથી તમારાં મનને દુઃખ આપે તેવા ખરાબ પ્રસંગો સામે અથવા તમારા કાનને

કર્કશ લાગે તેવાં વાકયો સામે ટકકર લેવાને વજ્ર જેવાં બની રહેવાનું બળ તમારામાં આવશે.

ખેતરોની વાડ પર ઉગતાં અને જંગલોમાં ઉગતાં ફુલો કેવી રીતે ઉગે છે તેનો વિચાર કરો. તેની અંદર મનુષ્યનો હાથ જરા પણ લાગેલો નથી છતાં પણ જે સૌન્દર્ય પોતાની મેળે, ફકત કુદરતેજ બનાવેલાં ફુલોમાં દેખાય છે તેવું સૌન્દર્ય મનુષ્યોએ તૈયાર કરેલા બાગોમાં દેખાતું નથી. તેઓ બાગમાં પણ કુદરતની નકલ કરે છે, પણ તે સંપુર્ણ થઈ શકતી નથી. જે સૌન્દર્ય કુદરતી ખીણો, ટેકરીઓ અને નદી કીનારાની કરાડોમાં છે તે સૌન્દર્ય, મનુષ્યે તૈયાર કરેલી ખીણો અને ટેકરીઓમાં આવી શકતું નથી. **તેમજ તમે જો સાદાઈ અને નમ્રતા રાખશો તો તમે એ કુદરતી ફુલો જેવાં સુંદર લાગશો પણ જો ટાપટીપથી તૈયાર થશો અને કુદરતની મશ્કરી કરશો તો તમે પોતેજ કૃત્રિમ થશો.** પૃથ્વીની અદ્વિતીય, અગાધ અને આશ્ચર્યકારક, પ્રાચીન પણ તે છતાં હમ્મેશાં નવી એવી જે નવાઇઓ તેનાથી તમે તમારી લાગણીઓને મંદ થવા દેશો નહીં; જો તમે તમારી લાગણીઓને મંદ કરવાને બદલે સતેજ રાખશો તો દુનિઆ તમારીજ થશે; તેનાં ખેતરો તમારા રાજમહેલો થશે; ગલીઓ તમારા ઝરૂખા થશે; તેનાં જંગલો તમારાં આરસપહાણનાં દીવાનખાનાં થશે; તેની લીલોતરીવાળી જગા તમારા નરમ ગાલીચા બનશે; તેની ટેકરીઓ તમારૂં સિંહાસન થશે; ટુંકમાં તમે સ્થૂળ બાબતો કરતાં સૃષ્ટિ સૌન્દર્ય પર વિશેષ લક્ષ આપતાં શીખશો તો તમને સમજ પડશે કે ઈશ્વરે મનુષ્યો માટે કેવી સુખદાયક સામગ્રી તૈયાર રાખી છે. અને એ જાણ્યા પછી તમે તેનો અત્યન્ત આભાર માનશો, અને **ઈશ્વર પર શ્રદ્ધા રાખશો તો તમને જગતનો ભય રહેશે નહીં.** દુનિઆ તમારો મિત્ર બનશે અને કોઈ ખરાબ બાબતોનો તમને ભય રહેશે નહીં; તમને ઘરના જેવો આનન્દ લાગશે; દરેક વસન્ત ઋતુ તમારી નવી આશા અને ઉમેદો બર લાવશે; ઉનાળે તમારામાં નવું બળ આવશે; દરેક શિયાળો તમારી ઉન્નતિ કરશે. અને ઈશ્વર ઉપરની તમારી આસ્થા મજબુત બનશે; જો તમારે ઈશ્વરને ઓળખવો હોય તો તમે કુદરતનું નિરીક્ષણ કરતાં શીખો;

સૃષ્ટિસૌન્દર્યમાં ઈશ્વર સચરાચર વ્યાપેલો તમને જણાશે; વૃક્ષનું દરેક પાંદડુ તે મહાન પિતાની અમાપ શકિતનું વર્ણન કરેછે; દરેક નાળાંઓ અને નદીઓ તેની અખુટ દયાનું વહન કેવું અનન્ત છે તે તમને કહેશે; અને ઉંચા પર્વતો અને નાના ડુંગરો તમને તેની મહાન શકિતનું ભાન કરાવશે; જો તમે કુદરતનું અવલોકન કરતાં શીખશો તો સુપ્રસિદ્ધ કવિઓએ સૃષ્ટિ સૌન્દર્યનાં જે અનુપમ કાવ્યો લખ્યાં છે તેનો મર્મ તમે સમ્પૂર્ણ રીતે સમજી શકશો; તે કાવ્યો એટલાં સુંદર છે કે તે વાંચતી વખત આપણે પણ તે સૃષ્ટિમાંજ હોઇએ એવું લાગે છે; એ કાવ્યોના થોડાક ઉતારા તમને વાંચવા માટે અહીં લખું છું. તમે તે ધ્યાન રાખીને વાંચશો તો કુદરત માતાનો પ્રેમાળ હાથ તમારી આસપાસ ફરી વળેલો જણાશે; આપણી સામાન્ય આંખોથી જે આપણે જોઈ શકતાં નથી તે કવિની મર્મભેદી દ્રષ્ટિ જોઈ શકેછે તેથી આપણને કુદરતની ગહનતા અને તેની ગુઢ વાતો એ કાવ્યો કહેશે; સ્વ. **કલાપી** કહે છે કે—

× × ×

“ ચિદાત્માની સંજ્ઞા કુદરત પ્રભુની પ્રતિકૃતિ,
અરીસો તેનો આ જન હૃદયની લાગણી વળી;
પ્રતિ સૃષ્ટિ લીલા કશી જન સ્થિતિનો પ્રતિધ્વનિ,
મનુષ્યોની સાથે કુદરત બની ગ્રન્થિત નકી. ”

× × ×

“ અરે એ સૃષ્ટિને કવિ નયનથી જો ઘડીક તું,
જનોના આત્માનો કુદરતથી સમ્બન્ધ કર તું;
મજા તેની તો લે, હૃદય કર વિસ્તીર્ણ કુમળું,
અને એ ઉર્મિમાં દ્રઢી પડ ઝુકાવી જિગર તું. ”

× × ×

આ પ્રમાણે કલાપી કહે છે તેમ તમે કુદરતની સાથે સમ્બન્ધ કરીને આ જગત પરની ઇશ્વરની મહાન શકિતનો અનુભવ મેળવો; કુદરત વિષે લખાયલાં બીજા સુપ્રસિદ્ધ કવિઓના કાવ્યના થોડા નમુના અહીં લખું છું.

× × ×

"ગુલાબ ઉપરના ચળકતાં ઝાકળ બિન્દુ,
પ્રિય નયનની કીકીઓ જ્હેવાં,
કાન્ત ચમકાર વેરતાં હતાં,
નિર્મળ સરોવરની ભૂરી મૃદુતામાં,
પ્રિય હૃદયમાં પ્રિતમ્ મુખ સમાસ પામે તેમ,
વાદળ વિરામતું હતું,
પૂર્વમાં વડનાં ઝાડ હતાં,
ત્હેમાંની પત્ર જાળીઓમાંથી
સૂર્યના કનક રસથી રસેલાં
ગામનાં છાપરાં કય્હાંક કય્હાંક દેખાતાં.
પશ્ચિમમાં લીલી આંબાની કુંજ હતી,
તેમાં નાનું સરોવર હતું."

'વસન્તોત્સવ'—

× × ×

'પહોંચે ના કર્ણે કલ કલ ધ્વનિ આ જગતમાં
વહે ધીમાં ધીમાં ખળ ખળ અહીં શાન્ત ઝરણાં.
પડે ધોધો ગાજી મધુર જયમ માતંગ ગરજે,
રૂડાં બચ્ચાં નાનાં ચપલ હરિણાનાં કૂદી રહે !

× × ×

નીલી કુંજોમાં છે સુમન મકરંદે ભભકતાં,
નીચે ઉંચે ઉડે ફુદડી નવરંગી રમતમાં
અને હું ધારૂં છું પ્રતિ ફુલ રૂપાળું હસમુખું—
બને છે ભોગી આ અનિલ લહરી સ્પર્શ સુખનું,

× × ×

અહા ! કેવા પન્થે કુદરત કરે છે ગતિ અને—
અરે ! કેવા પન્થે કુદરત તણાં બાળક ભમે !"

'કેકારવ'

× + +

"એક અચળ ને ભવ્ય શ્રવિ મન્દિર આ ભાસે
અનુપમ ઘુમ્મટ વ્યોમ તણા જેનો ચોપાસે
એક પુરૂષ મહાન તણી એ કીર્તિ ગાએ–
નિરખી શકે રૂડી પેર અહીંજ કો વિરલા એ,
વિધ વિધ લખિઆ લેખ દીવ્ય ભાષામાં ભારે
એક પુરૂષ મહાન તણા એ ગુણ ઉચ્ચારે;"

'કુસુમમાળા'.

જે સુન્દર કાવ્યો કુદરત માટે લખાયાં છે તે બધાં અહીં લખી શકાય નહીં પણ તમે તમારા ફુરસદના વખતમાં એ પુસ્તકોનો અભ્યાસ કરજો અને તમને સમજ પડશે કે કુદરત અને મનુષ્ય જીવન એ બંને એક-મેકને માટેજ સરજાયાં છે. એ કાવ્યો વાંચ્યાથી તમારૂં કુદરતીપણું તમા-રામાં પાછું આવશે; વરસાદના ઝાપટાં, તોફાન અને શાંતિ એ બધામાં તમને આનન્દ થશે.

જે જીવન્ત આનન્દની ઉર્મિઓ પોતાનાં બાળકોને કુદરત અચુક આપી રહી છે તે તમો અનુભવશો. અને ખાત્રી રાખજો કે તમારા મહાન પિતાના રાજ્યમાં તે તમને કદી પણ નિરાશ કરશે નહીં, જો તમને કુદરત પર પ્રીતિ થશે તો તમારામાં તેના છુપા ભેદો જાણવાની શક્તિ આવશે અને જો તમે સાંભળશો તો દરેક ઝાડ તમારી આગળ ગીત ગાતું લાગશે; દરેક નાળું જેમ વહેતું જશે તેમ તમને પોતાની ગુપ્ત વાતો કહેતું હોય એમ લાગશે. દુનિઆના મહાન હૃદયમાંથી ઉંડી અને સદા અતૃપ્ત રહેનારી અભિલાષા કે જે તે મહાન પિતાના ખજાનામાંથી હમ્મેશ નવી અજાયબીઓ અને શક્તિઓ શોધે છે તે તમારામાં આવશે.

જો તમારો કુદરત પર સ્નેહ હશે તો તે તમારાથી દુર થશે નહીં; તે તમને અપરિચિત લાગશે નહીં. તે તમારા જીવનનું જીવન અને આત્માનો આત્મા થશે. એક લેખક કુદરતને પોતાની માતાની માફક ચાહતો હતો. એક પુસ્તકમાં તેણે લખ્યું છે કે કુદરતને માટે આપણે એવો પ્રેમ રાખવો જોઇએ કે જે કદી પણ શાંત પડે નહીં. તે કહેછે કે તેનો પ્રેમ આપણું એક અંગ થઇ જવું જોઇએ, અને આપણી પછી

આપણાં છોકરાંઓમાં પણ તેની અસર વારસા રૂપે ઉતરવી જોઈએ. તે કહે છે કે કુદરત અને મનુષ્ય જીવન એક બીજામાં ઓતપ્રોત થઇ રહેવું જોઈએ. અને આથી ગામડાનો આનન્દ, મૃદુતા અને કોમળતા, સૂર્યનો પ્રકાશ અને વરસાદ, પવન અને લીલોતરીવાળી જગા, ઉંચી નીચી ટેકરીઓની હારો અને જંગલી વનસ્પતિઓ એ મનુષ્ય જીવનને યોગ્ય થશે. અને તમે બાર વરસની ઉમ્મરે એક સૈકા જેટલી ઉમ્મરનાં થશો.

તે કહે છે કે ' એક ગામડીઅણુ છોકરી ચાલે છે ત્યારે તેના પગતળેની પૃથ્વી હસે છે. જોકે તે યુવાનીના પુર બ્હારમાં છે તો પણ તે એક સૈકા જેટલી ઉમ્મરની છે, જ્યારે ઓછામાં ઓછાં ૧૫૦ વરસ પસાર થઇ ગયાં ત્યારે પૃથ્વી અને હવામાંથી આ કીમતીપણું દોહી લેવામાં આવ્યું હતું. દોઢ સૈકા પર લીલાં ઘઉંનાં ખેતર પર થઇને ફુંકતાં દક્ષિણના પવનમાંથી, નાની નાની લીલી ભૂરી અને કાળી ચકલીઓને સંતાડતાં અને મધમાખીને હલાવી દેતાં હસતાં કેસુડામાંથી આ કીંમતીપણું દોહી લેવામાં આવ્યું હતું. પવનથી ડોલતાં સુન્દર લીલાં ઘાસની સુગન્ધમાંથી અને સુન્દર સામર, અને ભૂરાં અને સફેદ રંગનાં મનોહર ગોકર્ણીનાં ફુલમાંથી અને આંબાની ખુબસુરત મંજરીઓમાંથી આ કીંમતીપણું દોહી લેવામાં આવ્યું હતું. ગુલાબની પ્રિય ઝાડીમાંથી, પીળાં પડી જતાં ઘઉંનાં પરાળમાંથી અને જથ્થાબન્ધ ઉગતાં જુવાર, બાજરી અને જળવાસામાંથી આ કીંમતિપણું દોહી લેવામાં આવ્યું હતું. આડાઅવળાં વહેતાં નાળાં કે જ્યાં ઉંચાં ઉંચા ચમરીવાળાં બરૂઓ ઉગે છે અને તેની ધીચ ઝાડીઓ સૂર્યનો પ્રકાશ અટકાવે છે તેમાંથી આ કીમતીપણું ખેંચી લેવામાં આવ્યું હતું. બધી જંગલની ખુબસુરતી, ઉંચા પર્વતો અને સ્વતંત્રતા એ બધું સેકાઓથી આવ્યું છે અને ગયું છે. સુન્દર કમળો અને સુગંધથી ભરેલા મોગરાનાં અને ગુલાબનાં ફૂલો, જાંબુડા રંગની વસંત અને સોનેરી પાનખર અને અમર રાત્રિ સૈકાઓથી આવ્યાં છે અને પાછાં નાશ પામ્યાં છે. તાલ સૂર સાથે ઉકેલાતો કાળનો વીંટો અને નહીં લખાયલો અને લખવાની શક્તિ બહારના ઇતિહાસ સૈકાઓથી આવ્યા છે અને ગયા છે. સૈકાઓથી ખરીપડતી ગુલાબોની પાંદડીનો હીસાબ કોણ

રાખો છે ! ઘરનાં છાપરાં પર પક્ષીઓ સૈકાઓથી આવી ગયાં છે, અને આવશે તેને માટે કોઈ એક પળ પણ વિચાર કરશો ? ગામની બહાર અને નદીના કિનારા પર જે મનોહર દશ્યો નજરે પડે છે તેનો તમે કદી પણ વિચાર કર્યો છે કે જ્યાં મનુષ્યોનો હાથ ફર્યો નથી પણ કુદરતેજ કામ કરેલું છે ! તેનું સૌન્દર્ય કેટલું મોહ પમાડે તેવું હોય છે તેનો તમે વિચાર કરો અને હવે જ્યારે જ્યારે સૃષ્ટિસૌન્દર્ય જોવાની તમને તક મળે ત્યારે તમે તેની તરફ બેદરકારીથી ન જોતાં, બહુજ લક્ષપૂર્વક જોજો. અસંખ્ય રાની પુષ્પો કે જેનાં આપણે નામ પણ જાણતાં નથી તે પોતાના અવર્ણનીય સૌન્દર્યથી કેવાં દીપે છે ! તમે હવે શહેરના મોજશોખ ઘણાય ભોગવ્યા છે માટે હવે તમારે નાનાં ગામડાંઓ, એકાંત નદી કીનારો અને પર્વતો વિગેરે કુદરતની રચનાથી શોભાયમાન જગાઓની મુલાકાત લેવી, અને સૃષ્ટિ સૌન્દર્યને માટે જે જે લેખો અને કાવ્યો લખાયાં હોય તે વાંચવા, તેથી તમને અપૂર્વ આનન્દ થશે. આ સૃષ્ટિસૌન્દર્યનો અનેક વખત જન્મ થયો છે અને અનેક વખત નાશ થયો છે. આ બધું જાણ્યા પછી તમે હાલ ગમે તેટલી નાની ઉમ્મરનાં હશો તોપણ સૈકાઓ જેટલી તમારી વય છે. રા. ન્હાનાલાલનું 'ગીરનારને ચરણે' એ કાવ્ય વાંચશો તો તમને આ લીંટીનો અર્થ બરાબર સમજાશે.

કવિ કહે છે કે—"લેતાં વિરાટ પગલાં સખી ! વિશ્વ ગોલે,

વર્ષો સહસ્ર કુદતાં મૃગલાંની ફાળે;
ઉભાં પૂરાણ તીર લોચન વર્તમાન;
એવું હતું બલ વિભુ નવ પ્રેરણાનું.

\+ + +

ન્હોતી સીમા ગગનનીય રચન્તી બાધા,
ન્હોતી સીમા જગત કે જગ બન્ધનોની:
ન્હોતાંજ સંકલન તે સ્થલ કાલ કેરાં;
નિઃસીમ એમ વહતા પ્રભુના પ્રવાહે."

× + +

આ પ્રમાણે આપણે હાલ અમુક વયમાં હોઇએ તો પણ જુનાં દશ્યો જોતી વખતે તે કાળનું અને તે ઇતિહાસનું સ્મરણ થવાથી આપણે જાણે તેજ કાળમાં હોઈએ એવું લાગે છે.

કુદરતનું રાજ્ય તમારી આટલી નજીક છે અને તે તમારી જીંદગીમાં ઓતપ્રોત થઈ ગયું છે તેથી કરીને તે વિષે વિચાર કરવાનું આ પહેલાજ પત્રમાં મને ઠીક લાગ્યું. કુદરતનું રાજ્ય એ પરમેશ્વરનું રાજ્ય છે એમ યાદ કરાવવાની તમને હવે જરૂર નથી. તમે તે સારી રીતે જાણો છો. તમારી નજર એટલી બધી ઝાંખી નથી અથવા તમારી લાગણી એટલી બધી બુઠ્ઠી થઈ નથી કે જેથી તમે બધા કામમાં પરમેશ્વરનો હાથ કામ કરે છે તે દેખી શકો નહીં. તમે ઉપર જુઓ અને કુદરતનાં રાજ્ય તરફ નજર ફેંકો. તમને એમ લાગશેજ કે પૃથ્વી ઉપર સ્વર્ગનાં રાજ્યનું પ્રતિબિંબ પડેલુ છે. એ અવર્ણનીય સૌન્દર્ય આપણાં જીવનની આસપાસ લપેટાઇ રહ્યું છે. તારાથી પ્રકાશિત રાતની ગંભીર ભવ્યતા, સૂર્ય અને ચન્દ્રનો આંખને ઝંખવી નાંખતો પ્રકાશ, લાંબા વખતથી ભ્રમણ કરતી પૃથ્વી, ન ગણી શકાય એવી કાળની ઉમ્મર, પ્રકાશનો ઉપઃકાળ અને મગજની સમજશકિત, આ બધાંનો વિચાર કરતાં તમને લાગશે કે આ બધી વસ્તુઓ સ્વર્ગનો અમુલ્ય ખજાનો છે. બીમાં કોઇ ગૂઢ તત્વ એવું રહ્યું છે કે જે સૂર્ય, પૃથ્વી અને વરસાદ સાથે મળતાં તેમાંથી રાતું ગુલાબ ઉત્પન્ન કરે છે. તમે સ્વર્ગનાં રાજ્યની એટલાં પાસે છો કે તમને લાગશે કે પરમેશ્વરની પાસે કોઈ એવી વસ્તુ છે કે જે આપણને આ સ્થિતિમાં રાખે છે, બધી સજીવ વસ્તુઓને પોષે છે, અને ઉત્પન્ન કરે છે; આ જાણવા પછી તમને લાગશે કે કુદરતનાં હૃદયનો ધબકારો દરેક ઠેકાણે છે અને એ જાણ્યા પછી તમને કોઈ પણ વસ્તુ જડ લાગશે નહીં.

તમે જાણુશો કે દરેક સજીવ વસ્તુ એક મહાન સજીવ સમુહનો એક ભાગ છે. તેની અન્દર તમે પણ એક ભાગજ છો. આથી કરીને ત[illegible] જાણુશો કે તમારી જીંદગી માત્ર તમારી એકલાંની નથી અને તે તમારો એકલાંનોજ હક નથી. એનો તમારે તમારી મરજી માફ[illegible]

કરવાનો નથી અથવા ગમે તેમ વ્યય કરવાનો નથી. જે જીવન પરમે તમને આપ્યું છે તેના પર તે મહાન પિતાનાં બાળકોનો કોઇને કોઇ હક છેજ. કલાપી કહે છે કે—

‘ બ્રહ્માંડ આ તો ગૃહ તાતનું છે,
આધાર સૌને સહુનો રહ્યો જ્યાં;
લે છે સહુ કૈં સહુને દઈ કૈં
આભાર સૌનો સહુ ઉપરે છે.

× × ×

રે ! માનવીનું પણ એજ તત્વ,
હું તું મહીં એકજ રક્ત ચાલે;
તો કાં ન અર્પું મુજ શીર્ષ તુંને ?
અર્પું કદી તો ઋણ થાય શાનું.

+ + +

બ્રહ્માંડ આ એકજ ભ્રાતૃભાવ
જન્મ્યો કહીંથી કટુ ભેદ ભાવ;

+ + +

હુંથી બને જો કદી કાંઈ તારું,
તો માન જેના ઋણમાં તને તું:
માગીશ હું એ કદિ જોઇશે તો,
તું આપ જે, હું સુખથી લઇશ.

× × ×

આ પ્રમાણે આપણું જીવન પરમાર્થ માટેજ છે એ રાખીને તમે તમારી જીંદગીનો સદુપયોગ કરજો.

તમે તમારાં જીવનને એવી રીતે છુટું ન મુકશો કે જેથી ં કાબુમાં ન રહે; મનને સંયમમાં રાખવું એ ખાસ જરૂરની બાબત આત્મસંયમ એ સુખનું પહેલું પગથીયું છે; માટે તમે તું કેળવજો કે જેથી ગમે તેવી લલચાવનારી બાબતો